GJAH220304222014

ફરિયાદ રજુ તારીખ	૨૦૦૩	૧૦	૦૮
ફરિયાદ રજીસ્ટર તારીખ	૨૦૦૩	૧૦	૦૮
ફરિયાદ ફેંસલ તરીખ	૨૦૨૩	૧૦	૧૮
ફેસલ સમય	**વર્ષ**	**માસ**	**દિવસ**
	૨૦	**૦૦**	**૧૦**

અમદાવાદના મહે.એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ એસ.એસ.પરીખશ્રીની ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કોર્ટ નંબરઃ–૨૯ સમક્ષ

જૂનો ફોજદારી કેસ નં.૮૪૧/૨૦૦૩
નવો ફોજદારી કેસ નં.૧૬૫/૨૦૧૪
આંક–૪૮

ફરિયાદી :– **કિશોર કોર્પોરેશન (પ્રોપરાયટરશીપ ફર્મ)**

ફર્મ વતી તેના પાવર ઓફ એટર્ની હોલ્ડર,

શ્રી જયેશભાઈ ધીરજલાલ ઠકકર,

ઉ.વ.પુખ્ત, ધર્મેઃ–હિન્દુ, ધંધો : વેપાર,

ઠે.પર/ર, કબુતરખાના, ચોખા બજાર, કાલુપુર, અમદાવાદ.

વિરૂઘ્ધ

આરોપી : **૧. ઘનશ્યામ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ (ભાગીદારી પેઢી),**

ઠે.ફેકટરી કડી–કલોલ હાઈવે રોડ, બુડાસણ તા.કડી.

બીજા માળે, બી.ડી.ચેમ્બર્સ, ચોખા બજાર, કાલુપુર, અમદાવાદ

૨. શ્રી મદનમોહન મનુભાઈ પટેલ,

તે ઘનશ્યામ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝના ભાગીદાર,

રહે. ૧૦, જવાહરકુંજ સોસાયટી, પેરેડાઈઝ પાર્ક સામે,

જુના વાડજ, અમદાવાદ

૩. શ્રીમતી કેતુબેન મદનમોહન પટેલ,

તે ઘનશ્યામ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝના ભાગીદાર,

રહે. ૧૦, જવાહરકુંજ સોસાયટી, પેરેડાઈઝ પાર્ક સામે,

જુના વાડજ, અમદાવાદ

ગુનો : ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબ

ફરિયાદ પક્ષે વિ.વ.શ્રી :– કે.એલ.ચૌહાણ
આરોપી પક્ષે વિ.વ.શ્રી :– એમ.આર.અમીન

–:ચુકાદો:–

(૧) ફરિયાદી હાલની ફરિયાદમાં જણાવેલ છે કે, તેઓની ફરિયાદી પેઢી ફરિયાદમાં જણાવેલ સરનામે શ્રોફ તથા કમિશન એજન્ટનો વ્યવસાય કરે છે અને આ કામના તહોમતદાર નં.૧ ભાગીદારી પેઢી છે તથા તહોમતદાર નં.ર તથા ૩ ભાગીદારી પેઢીના સક્રિય ભાગીદાર છે તથા ભાગીદારી પેઢીના રોજબરોજના વ્યવહારો તહોમતદાર નં.ર તથા ૩ નાઓ સંભાળે છે તથા ભાગીદારી પેઢીના જવાબદાર વ્યકિત છે તથા પતિ–પત્ની છે અને તેઓ સાથે તેઓના જુના ધંધાકીય સંબંધો હોવાથી સારી રીતે ઓળખે છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, ફરિયાદી પેઢીના માલિક કિશોરભાઈ ઠકકરનાઓએ તેઓને પાવર ઓફ એટર્નીથી આ કામે ફરિયાદ દાખલ કરવાનો હકક અને અધિકાર આપેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, તહોમતદાર નં.ર તથા ૩ નાઓને ધંધા માટે રૂા.૭,૦૦,૦૦૦/– અંકે રૂપિયા સાત લાખ પુરા/– ની જરૂર પડતાં તેઓની ઓફિસે આવેલા અને તેઓ પાસે ઉપરોકત રકમની માંગણી કરેલી જેથી ધંધાકીય સંબંધોના કારણે તેઓએ આ કામના તહોમતદારને મદદરૂપ થવા તા.૧૮/૦૪/ર૦૦૩ ના રોજ બે માસ માટે રૂા.૭,૦૦,૦૦૦/– અંકે રૂપિયા સાત લાખ પુરા/– રોકડા આપેલા અને તહોમતદાર નં.ર તથા ૩ નાએ ફરિયાદીને એવો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલો કે, સદર રકમ તેઓ બે માસમાં પરત કરી દેશે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, બે માસ બાદ ફરિયાદીએ તહોમતદાર નં.ર તથા ૩ નાઓ પાસે તેઓની

કાયદેસરની લેણી રકમની માંગણી કરતાં ઉપરોકત રકમના પાર્ટ પેમેન્ટ પેટે તહોમતદાર નં.૧ ના ખાતાનો ધી અમદાવાદ મર્કેન્ટાઈલ કો.ઓ.બેન્ક લિ.(શીડયુલ બેન્ક) નવરંગપુરા બ્રાન્ચ, અમદાવાદનો ચેક નં.૦૩૦૯૩૬ રકમ રૂા.૧,૬૭,૭૫૫/– તા.૨૪/૦૭/૨૦૦૩ નો તહોમતદાર નં.ર નાએ તહોમતદાર નં.૧ ના ભાગીદારની રૂએ સહી કરીને બેંકમાં ભરતાં સ્વીકારાઈ જવાની ખાતરી અને ભરોસા સાથે આપેલો.

(૧.૧) વધુમાં ફરિયાદી જણાવેલ છે કે, તહોમતદારની સુચના મુજબ ફરિયાદીએ તહોમતદાર ધ્વારા આપેલ ધી અમદાવાદ મર્કેન્ટાઈલ કો.ઓ.બેન્ક લિ. (શીડયુલ બેન્ક) નવરંગપુરા બ્રાન્ચ, અમદાવાદનો ચેક નં.૦૩૦૯૩૬, રકમ રૂા.૧,૬૭,૭૫૫/– નો તેઓની બેંક, ધી સોશીઅલ કો.ઓ.બેંક લિ., ખમાસા બ્રાન્ચ, અમદાવાદમાં ભરતાં સદર ચેક તા.૦૬/૦૮/૨૦૦૩ ના રોજ ''એકસીડ એરેન્જમેન્ટ એન્ડ પી.એ.એકાઉન્ટ'' ના શેરા સાથે ચેક પરત આવ્યાની જાણ ફરિયાદીને તેઓની બેંકે તા.૦૮/૦૮/૨૦૦૩ ના રોજ કરેલ, જેથી આ કામના ફરિયાદીએ તા.૦૧/૦૯/૨૦૦૩ ના રોજ આ કામના આરોપીને કાયદેસરની નોટીસ ઘરના તેમજ ઓફિસના સરનામે રજી.પો.એડી. મારફત મોકલાવેલ, જેમાંથી ઘરના સરનામાવાળી નોટીસ આ કામના આરોપીને તા.૦૨/૦૯/૨૦૦૩ ના રોજ બજી ગયેલ છે તથા ઓફિસના સરનામા વાળી નોટીસ તા.૦૪/૦૯/૨૦૦૩ ના રોજ ''રીફયુઝડ'' ના શેરા સાથે પરત ફરેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના આરોપીને નોટીસ બજી ગયેલ હોવા છતાં આ કામના આરોપીએ ફરિયાદીને તેઓની કાયદેસરની લ્હેણી નીકળતી રકમ ચૂકવી આપેલ નથી. વધુમાં આ કામના આરોપીએ નોટીસ મુજબનું વર્તન નહીં કરીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ (**કે જેને સરળતા ખાતર હવે પછી આ ચૂકાદામાં ''અધિનિયમ'' તરીકે સંબોધવામાં આવેલ છે.**) ની કલમ–૧૩૮ મુજબનો ગુનો કર્યાની ફરિયાદ આ કામના ફરિયાદીએ કરેલી છે અને આરોપીને સજા કરવા અરજ કરેલ છે અને ફરિયાદીને જરૂરી ખર્ચ અપાવવા અરજ કરેલ છે.

(૨) અત્રેની અદાલત ધ્વારા આરોપીને હાજર થવા માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૪ (**કે જેને સરળતા ખાતર હવે પછી આ ચુકાદામાં ''સહિંતા'' તરીકે સંબોધવામાં આવેલ છે.**) અન્વયે સમન્સ કાઢતાં જે સમન્સ આરોપીને બજી જતાં આરોપી અત્રેની કોર્ટમાં હાજર થતાં સહિંતાની કલમ–૨૦૭ અન્વયે તેઓને તપાસના કાગળોની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ છે. ત્યારબાદ સહિંતાની કલમ–૨૫૧ અન્વયે આંક–૦૫ થી આરોપીની પ્લી લેતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે અને ન્યાયીક કાર્યવાહીની માંગણી કરતા, સદર કામ ફરિયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે.

(૩) આ કામ ફરિયાદપક્ષના પુરાવા ઉપર આવતા સહિંતાની કલમ–૨૫૪ તથા કલમ–૨૯૪ અન્વયે ફરિયાદી તથા આરોપી તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

(૩.૧) **–: ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા :–**

ક્રમ	મૌખિક પુરાવાની વિગત	આંક
૧	ફરિયાદી કિશોર કોર્પોરેશન વતી તેના પાવર ઓફ એટર્ની હોલ્ડર જયેશભાઈ ધીરજલાલ ઠક્કરનાઓની સોગંદ ઉપરની જુબાની	૦૬

(૩.૨) **–: ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા :–**

ક્રમ	દસ્તાવેજી પુરાવાઓની વિગત	આંક
૧	પાવર ઓફ એટર્નીની ઝેરોક્ષ	૦૯
૨	ફરિયાદવાળો અસલ ચેક નં.૦૩૦૯૭૬	૧૦
૩	ચેક બેંકમાં ભર્યાની સ્લીપો	૧૧
૪	ફરિયાદવાળા ચેક નં.૦૩૦૯૭૬ નો અસલ રીટર્ન મેમો	૧૨
૫	નોટીસની સ્થળપ્રત	૧૩
૬	નોટીસ રજી.એડી.કર્યાની પહોંચો	૧૪
૭	નોટીસ બાય યુ.પી.સી. ઓન	૧૫
૮	નોટીસ બજયા અંગેની એકનોલેજમેન્ટ	૧૬
૯	નોટીસ બજયા અંગેની એકનોલેજમેન્ટ	૧૭

૧૦	નોટીસનું પરત ફરેલ સીલબંધ કવર	૧૮
૧૧	નોટીસનું પરત ફરેલ સીલબંધ કવર	૧૯
૧૨	નોટીસનું પરત ફરેલ સીલબંધ કવર	૨૦
૧૩	નોટીસનું પરત ફરેલ સીલબંધ કવર	૨૧
૧૪	નોટીસનું પરત ફરેલ સીલબંધ કવર	૨૨
૧૫	નોટીસનું પરત ફરેલ સીલબંધ કવર	૨૩

(૩.૩) આ સિવાય ફરિયાદપક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, આંક– ૩૫ થી પુરાવાબંધની પુરસીસ રજુ કરેલ છે.

(૩.૪) **–: આરોપીપક્ષ તરફે મૌખિક પુરાવા :–**

ક્રમ	મૌખિક પુરાવાની વિગત	આંક
૧	તહોમતદાર તરફે સાહેદ પરમાર ચંદુલાલ ભીખાભાઈ નાઓની સોગંદ ઉપર જુબાની	૪૨

(૩.૫) **–: આરોપીપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા :–**

ક્રમ	દસ્તાવેજી પુરાવાઓની વિગત	આંક
૧	સ્ટેટ બેંક ઓફ પટિયાલાના ચેકની ઝેરોક્ષ નકલ	૪૩
૨	સ્ટેટ બેંક ઓફ પટિયાલાનું સ્ટેટમેન્ટ	૪૪

(૪) આ સિવાય આરોપીપક્ષે અન્ય કોઈ પુરાવો રજુ થતો ન હોય તા.૧૪/૧૦/૨૦૨૩ ના રોજ આરોપીનો વધુ પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ સંહિતાની કલમ ૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ મહદઅંશે તમામ હકીકતો નકારી કાઢેલ છે તેમજ વિશેષમાં આરોપી નં.૧ વતી આરોપી નં.૨ તથા આરોપી નં.૨ જાતે જણાવેલ છે કે, વ્યવહાર સંબંધે આપવામાં આવેલ ચેકનો દુરૂપયોગ કરી તેઓ વિરૂધ્ધ ખોટી ફરિયાદ કરેલ છે અને જે હિસાબ હતો તે મુજબ તેઓ પાસે કોઈ કાયદેસરનું લેણું નીકળતું નથી અને તમામ રકમો ચુકવી આપેલ છે તથા લેણાં પેટે હાલનો ચેક આપવામાં આવેલ નથી અને ફરિયાદી સાથે છેલ્લા પાંચ વર્ષમાં તેઓને કોઈ વ્યવહાર થયેલ નથી.

તેઓ નિર્દોષ છે અને તેઓને હેરાન કરવા ખોટી રીતે કેસ કરેલ હોવાનું જણાવી લેખિતમાં તેઓનો બચાવ રજુ કરેલ છે. તથા આરોપી નં.૩ નાઓએ જણાવેલ છે કે, તેઓ પેઢીના સક્રિય ભાગીદાર નથી, પેઢીના વ્યવહારોની તેઓને કંઈ ખબર નથી તથા તેઓની સામે ખોટો કેસ કરેલ છે તથા હાલના કેસ બાબતે તેઓના પતિ પાસેથી ફરિયાદપક્ષ ધ્વારા ચેકનો દુરૂપયોગ કરી ખોટો કેસ કરેલ હોવાનું તથા ફરિયાદીને તેઓની પાસે કોઈ કાયદેસરનું લેણું નથી કે લેણાં પેટે કોઈ ચેક આપેલ ન હોવાનું તેઓએ જાણેલ હોવાનું જણાવેલ છે અને તેઓને હેરાન કરવા ખોટો કેસ કરેલ હોવાનું જણાવી તેઓના પતિએ આપેલ લેખિત જવાબની હકીકત ધ્યાને લેવા વિનંતી કરેલ છે.

(૫) આ કામે દલીલોના તબકકે કોઈ હાજર ન રહેતાં બંને પક્ષકારો તરફે પુરાવો રજુ થયેલ ન હોય, સદર કેસ હુકમ માટે રાખવામાં આવેલ છે. ઉપરોકત તમામ હકીકતો, સમગ્ર પુરાવાઓ તથા બચાવો ધ્યાને લેતાં, હાલના કેસના આખરી ન્યાયીક નિર્ણય કરવા મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–:મુદ્દાઓ:–

૧. શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, ફરિયાદીના કાયદેસરના દેવાની ચૂકવણી કરવા માટે આરોપીએ ફરિયાદીને રૂા.૦૧,૬૭,૭૫૫/– નો ધી અમદાવાદ મર્કેન્ટાઈલ કો.ઓ.બેન્ક લિ. (શીડયુલ બેન્ક) નવરંગપુરા બ્રાન્ચ, અમદાવાદનો ચેક નં.૦૩૦૯૭૬, તા.૨૪/૦૭/૨૦૦૩ નો આપેલો, જે ચેક ફરિયાદીએ તેઓની બેંકના ખાતામાં ભરતાં સદર ચેક ''એકસીડ એરેન્જમેન્ટ એન્ડ એન.પી.એ. એકાઉન્ટ'' ના શેરાથી પરત આવેલ, જેથી ફરિયાદીએ આરોપીને એડવોકેટ મારફતે આરોપીઓના સરનામે રજી.એડીથી નોટીસ મોકલી આપેલી, જે પૈકી આરોપી નં.૨ તથા ૩ ના ઘરના સરનામાવાળી નોટીસ બજી ગયેલ છે અને ફરિયાદીના કાયદેસરના નાણાં પરત ન કરતાં તેમ કરી આરોપીએ અધિનિયમની કલમ–૧૩૮ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય કરેલ છે?

૨. શું હુકમ?

(૬) ઉપર મુજબના મુદાઓ અન્વયે મારા તારણો નીચે મુજબ છે અને તેના કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

–: કારણો :–

<u>મુદ્દા નં.૧ :–</u>

(૭) આ કામે આરોપી વિરૂધ્ધ અધિનિયમ–૧૮૮૧ ની કલમ–૧૩૮ ના ગુનાનો આરોપ મૂકવામાં આવેલ છે જેથી, આ કામે ફરિયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલાં આરોપી વિરૂધ્ધ આક્ષેપિત અધિનિયમની કલમ–૧૩૮ અને તેની સાથે સંલગ્ન કલમ–૧૪૨ ની કાનૂની જોગવાઈઓ ધ્યાને લેતાં,

કલમ–૧૩૮ ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર:

સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યકિત, પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક, એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે બેંકરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેંકએ પરત કરે, કારણકે એ ખાતામાની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપૂરતી છે, અથવા તો બેંક સાથે સમજૂતીથી કરેલી વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ એ રકમ કરતાં વધુ છે, ત્યારે, આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે, અને આ કાયદાની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને ''બે વર્ષ'' સુધીની કેદની શિક્ષા, અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બંને કરવામાં આવશે પરંતુ એમ ઠરાવ્યુ છે કે,

(એ) જયાં સુધી, ચેક લખ્યાની તારીખથી છ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદત– એ બેમાંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેંકમા રજુ કરવામાં આવ્યો ન હોય,

(બી) જયાં સુધી, તે ચેકનો પેઈ અથવા તો યથાક્રમધારક, જેમ હોય તેમ, તે ચેક વણચૂકવ્યો પરત આવ્યાની બેંક તરફથી તેને માહિતી મળ્યાના 'ત્રીસ

દિવસ'ની અંદર તે ચેકના લખનારને લેખિત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરે નહી, અને

(સી) જયાં સુધી, એવો ચેક લખનાર, ચેકનાં નાણાં લેનાર પેઈને અથવા તે ચેકમાં યથાનુક્રમધારકને, જેમ હોય તેમ, ઉપરોકત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહી, ત્યાં સુધી આ કલમમાંનુ કશું જ લાગુ પડશે નહીં.

સ્પષ્ટીકરણ : આ કલમના હેતુઓ માટે દેવું અથવા અન્ય જવાબદારી એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

કલમ:– ૧૪૨ : ગુનાની નોંધ લેવા બાબતે :

સને ૧૯૭૩ ના ભારતીય ફોજદારી કાર્યવાહી સંહિતામાં ગમે તે સમાવેશ થતો હોય તેમ છતાં (૧) ચેકના ધારણકર્તાની તરફેણમાં ચૂકવણી થાય છે તેવી વ્યકિતની લેખિત ફરિયાદ વગર આ કાયદાની કલમ–૧૩૮ અન્વયે સજાપાત્ર ગુનાને કોર્ટ ધ્યાનમાં લેશે નહીં. (૨) આ કાયદાની કલમ–૧૩૮(૩) હેઠળ ઉત્પન્ન થતા ફરિયાદના કારણથી એક મહિનામાં આવી ફરિયાદ ન્યાયાલયમાં કરવામાં આવી હોય, પરંતુ ''જોગવાઈ કરવામાં આવી છે કે, ફરિયાદની નોંધ અદાલત ધ્વારા નકકી કરેલ સમય પછી પણ લઈ શકાશે, જો ફરિયાદી અદાલતને સંતોષ આપે કે આવા સમયમાં ફરિયાદ ન કરવા માટે તેને પુરતું કારણ હતું.'' (૩) આ કાયદાની કલમ–૧૩૮ અન્વયે સજાપાત્ર કોઈપણ ગુનાની ટ્રાયલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ દરજજાની સિવાયની કોઈપણ અદાલત પગલાં લઈ શકશે નહીં. (૪) પરત થયેલ ચેક માટે એક જ વખત ગુનાનું કોગ્નિજન્સ લઈ શકાય. પાવર ઓફ એટર્નીની રૂએ આપેલ ચેક પરત થાય તો પણ પાવર ઓફ એટર્ની ધારક કુલમુખત્યાર ઉપર ફરિયાદ કરી શકાય અથવા કુલમુખત્યારની ગેરહાજરીમાં કુલમુખત્યારનામું આપનાર સામે ફરિયાદ થઈ શકે.

(૭.૧) આમ, અધિનિયમ–૧૮૮૧ ની કલમ–૧૩૮ નો ગુનો જોઈએ તો તેના તત્વો નીચે મુજબ છે.

૧. કોઈ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેક આપવામાં આવેલ હોવો જોઈએ.

૨. ચેકના લખનાર વ્યકિતના ખાતામાં અપુરતા નાણાં ભંડોળના કારણે જ ચેકનો અનાદર થયેલ હોવો જોઈએ.

૩. ચેક લખ્યા તારીખથી ત્રણ માસની સમય–મર્યાદામાં કલીયર થવા માટે બેન્કમાં રજુ થયેલ હોવો જોઈએ.

૪. ચેકનો અનાદાર થયા બાદ બેન્ક તરફથી માહિતી મળ્યાના ૩૦ દિવસની અંદર ચેક લખનારને લેખિત ડીમાન્ડ નોટીસ આપીને ચેકમાંની રકમની માગણી કરેલી હોવી જોઈએ.

૫. નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવો જોઈએ.

૬. દેવું કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઈએ.

આમ, ઉપરોકત વ્યાખ્યાના તત્વો સાબિત થયા બાદ આ કામના આરોપી વિરૂધ્ધ કલમ–૧૩૯ અન્વયે અનુમાનની સંભાવના કાયદા ધ્વારા પ્રસ્થાપિત કરેલ છે જે સંદર્ભે કલમ–૧૩૯ નું પ્રાવધાન જોવામાં આવે તો,–

139. Presumption in favour of holder.—It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.

આમ, આ કલમ–૧૩૯ અન્વયે જયારે જયાં સુધી વિપરીકત પુરવાર કરવામાં આવે નહીં ત્યાં સુધી અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારકે કલમ–૧૩૮ માં જણાવેલ ચેક કોઈપણ દેવું અથવા અન્ય જવાબદારીને પુરેપુરી અથવા અંશત: ચૂકવણી માટે મેળવ્યો હતો.

આ તબકકે કલમ–૨૦ ની જોગવાઈઓ ઘ્યાને લેવામાં આવે તો,–

<u>20. Inchoate stamped instruments.</u> Where one person signs and delivers to another a paper stamped in accordance with the law relating to negotiable instruments then in force in 1[India], and either wholly blank or having written there on an incomplete negotiable instrument, he thereby gives prima facie authority to the holder thereof to make or complete, as the case may be, upon it a negotiable instrument, for any amount specified therein and not exceeding the amount covered by the stamp. The person so signing shall be liable upon such instrument, in the capacity in which he signed the same, to any holder in due course for such amount; provided that no person other than a holder in due course shall recover from the person delivering the instrument anything in excess of the amount intended by him to be paid thereunder.

આમ, કલમ–૨૦ અનુસાર જયારે કોઈ વ્યકિતએ સહી કરીને કોઈપણ ખત આપેલ હોય, ત્યારે તે ખત વટાવવાની યથાનુક્રમે ધારકને જવાબદારી મળેલ છે અને તે સહી કરેલો ચેક વટાવી શકવા માટે અધિકાર પ્રાપ્ત થાય છે. આ તબકકે કલમ–૧૧૮ ના અધિનિયમ અન્વયેનાં જે અનુમાનો છે, તે સંદર્ભેની જોગવાઈ જોવામાં આવે, તો–

118. **Presumptions as to negotiable instruments.** Until the contrary is proved, the following presumptions shall be made:

(a) **of consideration.** that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

(b) **as to date.** that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) **as to time of acceptance.** that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) **as to time of transfer.** that every transfer of a negotiable instrument was made before its maturity;

(e) **as to order of indorsements.** that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) **as to stamp.** that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) **that holder is a holder in due course.** that the holder of a negotiable instrument is a holder in due course: Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

આમ, ઉપરોકત જોગવાઈ અનુસાર કોઈપણ અધિનિયમ સંદર્ભે, અવેજ વિશે, તારીખ વિશે, સ્વીકારવાનાં સમય વિશે, તબદીલીના સમય વિશે, શેરાઓના ક્રમ વિશે, સ્ટેમ્પ વિશે તથા ધારક યથાક્રમે ધારક છે, એમ માની લેવા વિશેની જોગવાઈ કરવામાં આવેલી છે. આમ, ઉપરોકત કલમ–૨૦, ૧૧૮ તથા ૧૩૯ નાં પ્રાવધાનોને જોતાં જયાં સુધી વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી ધારક સંદર્ભેના અનુમાનોની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૮) આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો ધ્યાને લેવો જરૂરી બને છે. ***કુમાર એક્ષપોર્ટ વિ. શર્મા કોર્પેટસ, ૨૦૦૯(૧) ડીસીઆર ૧૭૭*** ના ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલ છે જેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે, અનુમાનો શું છે, તેનું પુરાવામાં શું મહત્વ છે અને અનુમાનોનું ખંડન કેવી રીતે કરવું તે અંગે વિસ્તૃત ચર્ચા કરેલ છે. સદર ચુકાદો વંચાણે લેવામાં આવે તો, તેમાં ફકરા નં ૯,૧૦,૧૧ માં અવલોકનો કરેલ જે નીચે મુજબ છે.

"9. … Section 118 of the Act provides presumptions to be raised until the contrary is proved (i) as to consideration, (ii) as to date of instrument, (iii) as to time of acceptance, (iv) as to time of transfer, (v) as to order of endorsements, (vi) as to appropriate stamp and (vii) as to holder being a holder in due course. Section 139 of the Act provides that it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, or any debt or other liability. …

10. …. Applying the definition of the word 'proved' in Section 3 of the Evidence Act to the provisions of Sections 118 and 139 of the Act, it becomes evident that in a trial under Section 138 of the Act a presumption will have to be made that every negotiable instrument was made or drawn for consideration and that it was executed for discharge of debt or liability once the execution of negotiable instrument is either proved or admitted. As soon as the complainant discharges the burden to prove that the instrument, say a note, was executed by the accused, the rules of presumptions under Sections 118 and 139 of the Act help him shift the burden on the accused. The presumptions will live, exist and survive and shall end only when the contrary is proved by the accused, that is, the cheque was not issued for consideration and in discharge of any debt or liability. A presumption is not in itself evidence, but only makes a prima facie case for a party whose benefit it exists.

11. … To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. *However, the court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant.* ***To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist.***

Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial

evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant. The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Section 114 of the Evidence Act to rebut the presumptions arising under Sections 118 and 139 of the Act. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. ***Once such rebuttal evidence is adduced and accepted by the court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant*** *and, thereafter, the presumptions under Sections 118 and 139 of the Act will not again come to the complainant's rescue."*

(૮.૧) હવે, નામદાર સર્વોચ્ચ અદાલતનો ઉપરોકત ચુકાદો ઘ્યાને લેવામાં આવે તો, એ હકીકત સ્પષ્ટ છે કે જો ફરિયાદી વાદગ્રસ્ત ચેકનું એકઝીકયુશન પુરવાર કરે અથવા તો આરોપી તેનો સ્વીકાર કરે તો, ફરિયાદીની તરફેણમાં અધિનિયમની કલમો–૧૧૮ અને ૧૩૯ ના અનુમાનો ઉપસ્થિત થશે અને સદર અનુમાનોનું ખંડન કરવાની જવાબદારી આરોપીના શિરે જશે. આ કામે રજુ થયેલ ઉપરોકત ચુકાદો અને કાયદામાં લાગુ પડતી પુરાવા અધિનિયમની જોગવાઈઓ ઘ્યાને લેતાં, અનુમાનોનું ખંડન કરી શકે તે મુજબનો પ્રોબેબલ બચાવ કે જે બચાવ આધારે અનુમાનોનું ખંડન થાય છે તેવું માનવા સામાન્ય બુઘ્ધિશાળી માણસ પ્રેરાય તેવો પુરાવો આરોપીપક્ષે રજુ કરવામાં આવેલ છે કે કેમ ? અથવા તેવો બચાવ આરોપીપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ છે કે કેમ ? તે ઘ્યાને લેવું પડે.

(૯) સૌપ્રથમ કેસનું મુલ્યાંકન કરતાં પહેલાં અત્રે એ નોંધવું જરૂરી જણાઈ આવે છે કે, હાલની ફરિયાદ વર્ષ–૨૦૦૩ માં દાખલ થયેલ છે અને પ્રસ્તુત કેસ અત્રેની અદાલતમાં પેન્ડીંગ રહેલ જુના કેસો પૈકીનો એક કેસ છે અને **નામ. ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા કરવામાં આવેલ પરિપત્ર નં.ડી–૨૯૧૭/૨૩ તા.૧૯/૦૯/૨૦૨૩ ના રોજથી ૧૦ વર્ષ જુના કેસોને પ્રાથમિકતા આપવા**

માટે પરિપત્ર કરેલ છે અને પ્રસ્તુત કેસ પણ ૧૦ વર્ષથી વધારે જુનો અત્રેની કોર્ટમાં પેન્ડીંગ રહેલ છે તે અંગે સૌપ્રથમ કેસનું રેકર્ડ ધ્યાને લેતાં લાંબા સમયથી આરોપીના વધુ પુરાવા માટે મુલતવી રહેલ હતો જે અનુસંધાને રોજકામ ધ્યાને લેતાં આરોપીનું નિવેદન તા.૦૬/૧૦/૨૦૦૬ ના રોજ નોંધવામાં આવેલ છે અને ત્યારબાદ તા.૨૯/૦૮/૨૦૦૬ ના રોજ આરોપી તરફે સાક્ષી તપાસવા માટે અરજી આવતાં આરોપી તરફે સાહેદ પરમાર ચંદુલાલ ભીખાભાઈનાઓને આંક–૪૨ થી તપાસવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપી તરફે વધુ સાક્ષી તપાસવા માટે કેસ વખતોવખત મુલતવી રહેલ છે. કેસનું રોજકામ વેરીફાય કરતાં આરોપી તરફે તા.૨૧/૦૫/૧૬, તા.૦૮/૦૭/૧૬ તથા તા.૧૫/૦૯/૧૬ ના રોજ સાક્ષીને તપાસવા માટે વખતોવખત સમન્સ કાઢવા માટેની અરજી આપવામાં આવેલ છે અને ત્યારબાદ સાક્ષીને જપ્તી વોરંટ કાઢવામાં આવેલ છે અને ત્યારબાદ આગળની કાર્યવાહી ન થતાં મારા પુરોગામી ન્યાયધીશશ્રી દ્વારા સદર કેસ તા.૦૮/૦૯/૨૦૧૮ ના રોજ ડોરમેન્ટ પર મુકવામાં આવેલ છે અને ત્યારબાદ કેસના ન્યાયીક નિર્ણય અર્થે ફરિયાદીને આરોપીને કોર્ટમાં હાજર રહેવાની નોટીસ કાઢવામાં આવેલ છે જે લગત આંક–૪૭ ધ્યાને લેતાં ફરિયાદી કિશોર કોર્પોરેશનને તા.૧૯/૦૪/૨૦૨૩ ના રોજ કોર્ટમાં હાજર રહેવા માટેની નોટીસ કાઢવામાં આવેલ છે, પરંતુ ફરિયાદી કોર્ટમાં ગેરહાજર રહેલ છે તેમજ આરોપીને નોટીસ કાઢવામાં આવતાં આરોપી તરફે પણ કોઈ હાજર રહેલ નથી. હવે પ્રસ્તુત કેસમાં ફરિયાદીનો પુરાવો નોંધાઈ ગયા બાદ અને આરોપીનું વિશેષ નિવેદન નોંધાયા બાદ ફરિયાદી દલીલોના તબકકે ગેરહાજર રહેતા હોય તેવું અત્રેની અદાલતનું માનવું છે, જેથી નામ. સુપ્રિમ કોર્ટના ***મેસર્સ બી.એલ.એસ. ઈન્ફ્રાસ્ટ્રકચર લિ. વિરૂધ્ધ મેસર્સ રાજવંતસિંઘ ક્રિમીનલ અપીલ નં.૬૫૭–૬૬૪/૨૦૧૩ તા.૦૧/૦૩/૨૦૨૩*** નો ચુકાદો ધ્યાને લેતાં કેસ આગળની કાર્યવાહી માટે રાખવામાં આવેલ છે અને ફરિયાદી / આરોપી દલીલો દરમિયાન ગેરહાજર રહેતા હોઈ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ અને કેસ જુનો હોઈ હુકમ માટે લેવામાં આવેલ છે.

(૧૦) હવે, ફરિયાદી તેઓની ફરિયાદમાં તથા સોગંધનામામાં જણાવેલ છે કે, તેઓની ફરિયાદી પેઢી ફરિયાદમાં જણાવેલ સરનામે શ્રોફ તથા કમિશન એજન્ટનો વ્યવસાય કરે છે અને આ કામના તહોમતદાર નં.૧ ભાગીદારી પેઢી છે તથા તહોમતદાર નં.૨ તથા ૩ ભાગીદારી પેઢીના સક્રિય ભાગીદાર છે તથા ભાગીદારી પેઢીના રોજબરોજના વ્યવહારો તહોમતદાર નં.૨ તથા ૩ નાઓ સંભાળે છે તથા ભાગીદારી પેઢીના જવાબદાર વ્યકિત છે તથા પતિ–પત્ની છે અને તેઓ સાથે તેઓના જુના ધંધાકીય સંબંધો હોવાથી સારી રીતે ઓળખે છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, ફરિયાદી પેઢીના માલિક કિશોરભાઈ ઠકકરનાઓએ તેઓને પાવર ઓફ એટર્નીથી આ કામે ફરિયાદ દાખલ કરવાનો હકક અને અધિકાર આપેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, તહોમતદાર નં.૨ તથા ૩ નાઓને ધંધા માટે રૂા.૭,૦૦,૦૦૦/– અંકે રૂપિયા સાત લાખ પુરા/– ની જરૂર પડતાં તેઓની ઓફિસે આવેલા અને તેઓ પાસે ઉપરોકત રકમની માંગણી કરેલી જેથી ધંધાકીય સંબંધોના કારણે તેઓએ આ કામના તહોમતદારને મદદરૂપ થવા તા.૧૮/૦૪/૨૦૦૩ ના રોજ બે માસ માટે રૂા.૭,૦૦,૦૦૦/– અંકે રૂપિયા સાત લાખ પુરા/– રોકડા આપેલા અને તહોમતદાર નં.૨ તથા ૩ નાએ ફરિયાદીને એવો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલો કે, સદર રકમ તેઓ બે માસમાં પરત કરી દેશે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, બે માસ બાદ ફરિયાદીએ તહોમતદાર નં.૨ તથા ૩ નાઓ પાસે તેઓની કાયદેસરની લેણી રકમની માંગણી કરતાં ઉપરોકત રકમના પાર્ટ પેમેન્ટ પેટે તહોમતદાર નં.૧ ના ખાતાનો ધી અમદાવાદ મર્કેન્ટાઈલ કો.ઓ.બેન્ક લિ.(શીડયુલ બેન્ક) નવરંગપુરા બ્રાન્ચ, અમદાવાદનો ચેક નં.૦૩૦૯૩૬ રકમ રૂા.૧,૬૭,૭૫૫/– તા.૨૪/૦૭/૨૦૦૩ નો તહોમતદાર નં.૨ નાએ તહોમતદાર નં.૧ ના ભાગીદારની રૂએ સહી કરીને બેંકમાં ભરતાં સ્વીકારાઈ જવાની ખાતરી અને ભરોસા સાથે આપેલો. જે ચેક ફરિયાદીએ તેઓની બેંક, ધી સોશીઅલ કો.ઓ.બેંક લિ., ખમાસા બ્રાન્ચ, અમદાવાદમાં ભરતાં સદર ચેક તા.૦૬/૦૮/૨૦૦૩ ના રોજ ''એકસીડ એરેન્જમેન્ટ એન્ડ પી.એ.એકાઉન્ટ'' ના શેરા સાથે ચેક પરત આવ્યાની જાણ ફરિયાદીને તેઓની

બેંકે તા.૦૮/૦૮/૨૦૦૩ ના રોજ કરેલ, જેથી આ કામના ફરિયાદીએ તા.૦૧/૦૯/૨૦૦૩ ના રોજ આ કામના આરોપીને કાયદેસરની નોટીસ ઘરના તેમજ ઓફિસના સરનામે રજી.પો.એડી. મારફત મોકલાવેલ, જેમાંથી ઘરના સરનામાવાળી નોટીસ આ કામના આરોપીને તા.૦૨/૦૯/૨૦૦૩ ના રોજ બજી ગયેલ છે તથા ઓફિસના સરનામા વાળી નોટીસ તા.૦૪/૦૯/૨૦૦૩ ના રોજ ''રીફ્યુઝડ'' ના શેરા સાથે પરત ફરેલ છે. આમ, આ કામના આરોપીને નોટીસ બજી ગયેલ હોવા છતાં ફરિયાદીને તેઓની કાયદેસરની લ્હેણી નીકળતી રકમ ચૂકવી આપેલ નથી.

(૧૦.૧) સૌપ્રથમ કેસનું રકેર્ડ ઘ્યાને લેતાં, આ કામે ફરિયાદી ઘ્વારા આંક-૧૦ થી અસલ ચેક રજુ કરેલ છે. જે ઘ્યાને લેતા જેમાં આ કામના આરોપી ઘનશ્યામ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ એ નામની માલિકી પેઢીના ભાગીદાર શ્રી મદનમોહન મનુભાઈ પટેલની સહી હોવાનું જણાઈ આવે છે. આ તબકકે આરોપીનું વિશેષ નિવેદન ઘ્યાને લેતાં આંક-૦૬ વાળા ચેક બાબતે પ્રશ્ન પુછતાં તેઓએ ચેક બાબતે ઈનકાર કરેલ છે તથા ચેક લ્હેણાં પેટે આપેલ ન હોવા બાબતે બચાવ લીધેલ છે, પરંતુ ચેકમાં તેઓની સહી નથી કે ચેક તેઓના ખાતામાંથી આપવામાં આવેલ નથી તેવો કોઈ બચાવ લીધેલ નથી.

(૧૦.૨) આમ, ફરિયાદી ઘ્વારા ચેક એકઝીકયુશન બાબતનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો આરોપી એવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી કે વાદગ્રસ્ત ચેક તેઓનો નથી તેમજ સદર ચેકમાં તેઓની સહી નથી. એટલે કે, ફરિયાદીનો પુરાવો અને આરોપીનો બચાવ એકી સાથે વંચાણે લેવામાં આવે તો વાદગ્રસ્ત ચેકનું આરોપી ઘ્વારા એકઝીકયુશન પુરવાર થાય છે. આ ઉપરાંત, એ હકીકત પણ સ્વીકૃત બને છે કે વાદગ્રસ્ત ચેક આરોપીએ જ ફરિયાદીને આપેલ છે. જેથી, ફરિયાદીએ વાદગ્રસ્ત ચેક પુરવાર કરેલ છે. જેથી અધિનિયમની કલમ-૧૮૮૧ ની કલમ-૧૩૯ હેઠળના અનુમાન ફરિયાદીની તરફેણમાં કરવાનું રહે છે.

(૧૧) ફરિયાદીપક્ષ ઘ્વારા ચેકનું એકઝીકયુશન પુરવાર થતું હોય, ફરિયાદીની તરફેણમાં કાયદામાં પ્રસ્થાપિત સિઘ્ઘાંત મુજબ અધિનિયમની કલમો-૧૧૮ અને ૧૩૯ ના

અનુમાનો ઉપસ્થિત થશે. ટુંકમાં કહીએ તો, અત્રેની અદાલતે ફરિયાદીની તરફેણમાં એવું અનુમાન કરવાનું રહે કે આરોપીએ ફરિયાદીનું કાયદેસરનું લેણું ચૂકવવા વાદગ્રસ્ત ચેક આપેલ છે.

(૧૨) ફરિયાદીની તરફેણમાં કાયદાકીય અનુમાનો ઉપસ્થિત થયેલ હોય, આરોપીએ સદર અનુમાનોનું ખંડન કરવાનું રહે અને આ સંદર્ભે બચાવપક્ષ તરફે તેઓના પુરાવામાં અને વિશેષ નિવેદનમાં જે બચાવ લેવામાં આવેલ છે તેની વિગતવાર ચર્ચા નીચે મુજબ કરવામાં આવે છે.

(૧૩) સૌપ્રથમ આરોપીનો બચાવ ધ્યાને લેતાં તેઓ તરફે મુખ્ય તકરાર લેવામાં આવેલ છે કે, ફરિયાદી તેઓનું કાયદેસરનું લ્હેણું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે તે સાથે સૌપ્રથમ ફરિયાદ ધ્યાને લેવામાં આવે તો, ફરિયાદી પોતાની ફરિયાદમાં આ કામના આરોપી નં. ૨ અને ૩ નાઓની જે જુના ધંધાકીય સંબંધ હોવાથી તા.૧૮/૦૪/૨૦૨૩ ના રોજ બે માસ માટે રૂા.૭,૦૦,૦૦૦/- આરોપીને આપેલ હોવાનું જણાવેલ છે, પરંતુ ફરિયાદી ધ્વારા તે પુરવાર કરવા માટે કોઈ લેખિત દસ્તાવેજી આધાર પુરાવો રજુ કરેલ નથી તેમજ કહેવાતી રકમ રૂા.૭,૦૦,૦૦૦/- રોકડા આપેલાની જે હકીકત જણાવેલ છે તે બાબતે કોની હાજરીમાં, કઈ તારીખે આપેલ તેવી કોઈ હકીકત જાહેર કરેલ નથી. વિશેષમાં ફરિયાદી પોતાની ઉલટતપાસમાં પણ એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓએ આરોપીને કહેવાતી જે રકમ આપેલી તેની કોઈ પહોંચ કે લખાણ આરોપી પાસેથી લીધેલ નથી. આમ, અત્રે એ ઉલ્લેખ કરવો જરૂરી જણાઈ આવે છે કે, ફરિયાદમાં જણાવેલ હકીકત મુજબ જો ફરિયાદી એમ કહેતા હોય કે તેઓએ રૂા.૭,૦૦,૦૦૦/- રોકડા આરોપીને આપેલા છે તો તે રકમ કિશોર કોર્પોરેશન કે જે પ્રોપરાઈટર ફર્મ છે તેના હિસાબી ચોપડામાંથી આપવામાં આવેલ છે કે, કિશોર કોર્પોરેશનના માલિક કિશોરભાઈ ધ્વારા પર્સનલ કેપેસીટીમાં આરોપીને આપવામાં આવેલ છે કે કેમ? તે સ્પષ્ટ જણાઈ આવતું નથી. વધુમાં ફરિયાદી ધ્વારા સમગ્ર ફરિયાદમાં એવી કોઈ હકીકત જાહેર કરેલ નથી કે **કિશોર કોર્પોરેશનના માલિક કિશોરભાઈ વલ્લભરામ ઠકકર છે અને તેને સમર્થન**

આપવા માટે પણ કોઈ લેખિત પુરાવો રજુ કરેલ નથી. આમ, ફરિયાદી કિશોરભાઈ વલ્લભરામ ઠકકર કે જેઓ કિશોર કોર્પોરેશન ફર્મના પ્રોપરાઈટર કે માલિક હોવા સંબંધેનો પુરાવો રજુ કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૧૪) વધુમાં મુળ ફરિયાદ ઘ્યાને લેવામાં આવે તો જે જયેશભાઈ ધીરજલાલ ઠકકરનાઓ ઘ્વારા કિશોર કોર્પોરેશન ફર્મ વતી અને તેના પાવર ઓફ એટર્ની હોલ્ડર ઘ્વારા આપેલ હોવાનું ફરિયાદમાં જણાવેલ છે જયારે આ કામે રજુ થયેલ જનરલ પાવર ઓફ એટર્ની ઘ્યાને લેતાં તેની સાથે કિશોર કોર્પોરેશનના પ્રોપરાયટર કિશોરભાઈ ઠકકરનાઓનો છે તે બાબતે કોઈ પુરાવો રજુ કરેલ નથી. વધુમાં કિશોરભાઈ ઠકકરનાઓ ઘ્વારા કોર્ટમાં જાતે હાજર રહીને પુરાવો રજુ કરેલ નથી અને તેઓની ગેરહાજરી બાબતે પણ ફરિયાદીએ પોતાની ફરિયાદમાં કોઈ હકીકત જણાવતા નથી.

(૧૫) વધુમાં આરોપી ઘ્વારા ફરિયાદી જશવંતભાઈ ઠકકરનાઓને કિશોર કોર્પોરેશન ફર્મના હિસાબો સંબંધે પ્રશ્ન પુછવામાં આવેલ જે લગત તેઓની ઉલટતપાસ નીચે મુજબ છે.

> ...''મારી જુબાનીમાં આરોપીઓને મેં પૈસા આપેલ છે તે અગાઉ છેલ્લે મેં કયારે પૈસા આપેલ તે સમય મને એકઝટ ખબર નથી.
>
> *તે વાત ખરી છે કે, કાગળો જોઈને મેં કયારે પૈસા આપેલા તે હું કહી શકું. હું મારા હિસાબી કાગળો જોઈને તે હકીકત કહી શકું.*
>
> ***હું મારા એ હિસાબી કાગળો રજુ કરવા તૈયાર છું. તે વાત ખરી છે કે, મેં આરોપીઓને રૂ.૭,૦૦,૦૦૦/- સાત લાખ આપેલાનું જે હું જણાવું છું તે બાબતે મેં કોઈ પહોંચ કે લખાણ આરોપીઓ પાસેથી લીધેલ નથી.''...***

(૧૫.૧) આમ, ઉપરોકત ઉલટતપાસ ઘ્યાને લેતાં એ હકીકત જો સ્પષ્ટ થતી હોય કે કિશોર કોર્પોરેશનનાઓને ઘનશ્યામ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ સાથે બે વર્ષથી વ્યવહાર ચાલતો હતો તો તે બાબતના હિસાબી ચોપડા રજુ કરવાની જવાબદારી ફરિયાદપક્ષના શિરે રહે છે અને જયારે આરોપી ઘ્વારા તે બાબતે મુખ્ય તકરાર રહેતી હોય ખરેખર

તકરારી ચેક આપ્યો તે તારીખે ફરિયાદીને કાયદેસરના રૂપિયા ૭,૦૦,૦૦૦/- આરોપી પાસેથી લેવાના નીકળે છે કે કેમ? તે બાબતે સઘળી હકીકત પુરવાર કરવાની જવાબદારી તેઓના શીરે રહેલ છે અને ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ અનુસાર પણ જો ફરિયાદી એમ કહેતા હોય કે તેઓએ તા.૧૮/૦૪/૨૩ ના રોજ રૂા.૭,૦૦,૦૦૦/- રોકડા આરોપીને આપેલ છે તો તે રકમ કિશોર કોર્પોરેશન ફર્મના ખાતામાંથી કે કિશોરભાઈ ઠક્કરનાઓ પોતાની રીતે આરોપીને આપેલ છે કે કેમ? તે બાબતે અસ્પષ્ટ વિગતો રજુ કરેલ છે. વધુમાં અત્રે એ ઉલ્લેખ કરવું પણ જરૂરી જણાઈ આવે છે કે, શ્રી જયેશભાઈ ઠક્કર કે જેઓ કિશોરભાઈ ઠક્કરના પાવર ઓફ એટર્ની હોલ્ડર જણાઈ આવે છે અને જેઓ જે.ડી. ફર્મના નામથી ધંધો કરે છે, પરંતુ તેઓ ધ્વારા પણ તેઓ જે.ડી. ફર્મ વતી કામ કરતા હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. વધુમાં જે.ડી. ફર્મ અને કિશોર કોર્પોરેશન એક જ ધંધાના સ્થળે એક જ સરનામે ધંધો કરતા હોય તે બાબતે પણ ફરિયાદીએ પોતાની ફરિયાદમાં કોઈ ખુલાસો કરેલ નથી અને તેઓને દલીલોના તબકકે નોટીસ કાઢવામાં આવેલ છે, પરંતુ તેઓએ હાજર રહી સમગ્ર હકીકતો બાબતે ખુલાસો કરેલ નથી.

(૧૬) વધુમાં આરોપી ધ્વારા ફરિયાદીને નાણાં ધીરધારના લાઈસન્સ બાબતે પ્રશ્ન પુછવામાં આવેલ છે જેમાં તેઓએ નીચે મુજબની હકીકત જણાવેલ છે.

> *..." તે વાત ખરી નથી કે, સામાન્ય રીતે ધીરધારનો ધંધો કરનાર પૈસા આપે તેની સામે થાપણ સામે ચેક કે અન્ય કોઈ ચીજવસ્તુ લેતા હોય છે.* ***તે વાત ખરી છે કે, સામાન્યપણે અમે કોઈને પૈસા આપીએ તેના પર વ્યાજ લઈએ છીએ.***
>
> *અમે જે ધંધો ધીરધારનો કરીએ છીએ તેમાં લાયસન્સની જરૂર રહેતી નથી. તે વાત ખરી છે કે, કિશોર કોર્પોરેશન વતી હું જે કામ કરું છું તેવું કામ કરવા માટે અન્ય બીજા જયદીપભાઈ અને હેમેન્દ્રભાઈ તેમજ સુનીલભાઈને પાવર ઓફ એટર્ની આપેલ છે. કિશોર કોર્પોરેશનનો*

૧૯૯૮ થી ૨૦૦૦ નો વેપાર કેટલો થયેલ તે હું હિસાબો જોયા વિના કહી શકું નહીં.''...

(૧૬.૧) આમ, ઉપરોકત ઉલટતપાસ ઘ્યાને લેતાં એ હકીકત રેકર્ડ પર આવેલ છે કે, ફરિયાદી વતી તેઓ જયારે કોઇને પૈસા આપે ત્યારે તેના પર વ્યાજ લેતાં હોય છે જેથી નાણાં ધીરધાર અધિનિયમની જોગવાઇ અનુસાર જો કોઈ વ્યકિત નાણાં વ્યાજે આપતા હોય તો તે બાબતનું સમગ્ર હકીકત જણાવતું લાઇસન્સ રજુ કરવું જરૂરી બને છે જયારે એવું કોઈ લાઈસન્સ ફરિયાદી ઘ્વારા રજુ થયેલ નથી તેમજ મુળ હકીકતે જયારે કિશોર કોર્પોરેશન જ કિશોરભાઈ વલ્લભરામ ઠકકરના નામે રજીસ્ટર્ડ થયેલ હોય તેવો પણ કોઈ પુરાવો ફરિયાદી ઘ્વારા રજુ થયેલ નથી જેથી પણ આ તબકકે કાયદેસરનું લ્હેણું પુરવાર થતું નથી.

(૧૬.૨) આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતનો ***મિલીંદ શ્રીપદ ચંદુરકર વિ.કલીમ ખાન તેમજ અન્ય, ૨૦૧૧(૨) ડીસીઆર ૨૨૭*** નો ચુકાદો માનસહ વંચાણે લેવામાં આવે તો તેમાં ફરિયાદી વિજયા ઓટોમોબાઈલ્સના પ્રોપરાઈટર હતાં અને ફરિયાદીએ પ્રોપરાઈટર હોવાનો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નહીં અને જેમાં નોંધવામાં આવેલ કે **માત્ર સોગંદનામામાં આ સંદર્ભે કરવામાં આવેલ કથન પૂરતું ગણી શકાય નહિ અને ફરિયાદ કાઢી નાખવામાં આવેલ છે.** હવે, ઉપરોકત કેસની હકીકત સાથે હાલના કેસની હકીકત સાથે સરખાવવામાં આવે તો કિશોરભાઈનાઓએ ફરિયાદ દાખલ કરતી વખતે કિશોર કોર્પોરેશનના પ્રોપરાઈટર તરીકે તેઓને ફરિયાદ દાખલ કરવા સંદર્ભે અધિકાર પત્ર આપ્યો હતો કે કેમ? અને જો કિશોરભાઈએ કિશોર કોર્પોરેશન નામની પેઢીના પ્રોપરાઈટર તરીકે ફરિયાદ દાખલ કરેલ હતી તો માત્ર સોગંદનામા પર તે હકીકત જાહેર કર્યાથી કિશોરભાઈ ફરીયાદી પેઢીના પ્રોપરાઈટર હોવાનું ફલિત થતું નથી. વધુમાં આ કામે કિશોરભાઈએ પોતે કિશોર કોર્પોરેશન નામની પેઢીના માલિક હોવા અંગેનો કોઈ આધાર પુરાવો અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહીને રજુ કરેલ નથી. જેથી ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિઘ્ધાંત હાલના કેસમાં પણ લાગુ પડશે અને જેના પરિણામે ફરિયાદી ફરિયાદ દાખલ કરતી વખતે કિશોરભાઈ ફરિયાદી પેઢીના

પ્રોપરાઈટર હોવા અંગેનો આધાર પુરાવા રજુ કરેલ ન હોઈ પુરાવાના અભાવે હાલની ફરિયાદ ચલાવવા પાત્ર નથી તેવું અત્રેની અદાલતનું માનવું છે.

(૧૭) વધુમાં આરોપી તરફે એવો બચાવ લેવામાં આવેલ છે કે, તકરારી ચેક જયારે આરોપીએ તેમની કલાસીક કો.ઓ.બેંક લિ.નો તા.૧૬/૦૨/૨૦૨૦ ના રોજનો રૂા.૧,૬૭,૭૫૫/– ની રકમનો નવો ચેક ફરિયાદીને આપેલ અને તે ફરિયાદીએ પોતાના ખાતામાં જમા કરેલ છે અને તેના સંદર્ભમાં આરોપી ધ્વારા આંક–૪૨ થી સાહેદ પરમાર ચંદુલાલ ભીખાભાઈને તપાસેલ છે કે જેઓ સ્ટેટ બેંક ઓફ પટિયાલા શાખા, કાલુપુરમાં નોકરી કરે છે અને તેઓએ પોતાના સોગંધ પર હકીકતો જાહેર કરતો પુરાવો રજુ કરેલ છે, પરંતુ ફરિયાદી ધ્વારા તેઓની વિરૂધ્ધની હકીકતો જાહેર કરતો કોઈ પુરાવો રજુ કરવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમાં જયારે ફરિયાદી ઉલટતપાસમાં પણ ઘનશ્યામ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝના ભાગીદાર લેખની નકલ તેઓની પાસે ન હોવાનું અને વાંચેલ ન હોવાનું પણ એક તબકકે સ્વીકારતા હોય જયારે ફરિયાદમાં જણાવ્યા મુજબ જો આરોપી નં.૨ અને આરોપી નં.૩ નાઓએ ફરિયાદીને તકરારી ચેક પાછા થવાની ખાતરી અને ભરોસો આપેલ હોય તો ફરિયાદી એક તબકકે પોતાની ઉલટતપાસમાં આરોપી નં.૩ શ્રીમતી કેતુબેન મદનમોહન પટેલની સહીથી તેઓની પેઢીને કોઈ રકમ ચુકવાયેલ ન હોવાનું સ્વીકારેલ છે. આમ, ફરિયાદી એક તબકકે પોતાની ફરિયાદમાં તકરારી ચેક બાબતે આરોપી નં.૨ શ્રી મદનમોહન મનુભાઈ પટેલ અને આરોપી નં.૩ શ્રીમતી કેતુબેન મદનમોહન પટેલનાઓએ ચેક ભરાઈ જશે તેવો વિશ્વાસ આપેલ હોવાનું જણાવેલ છે જયારે **ઉલટતપાસમાં ચેકની રકમ બાબતે આરોપી નં.૩ શ્રીમતી કેતુબેન મદનમોહન પટેલની સહીથી તેઓની પેઢીની કોઈ જ રકમ ચુકવાયેલ ન હોવાનું ઉલટતપાસમાં જ સ્વીકારેલ છે**. આમ, ફરિયાદીના પુરાવામાં પણ વિશ્વસનીયતા જણાઈ આવતી નથી અને જયારે આરોપી ધ્વારા ફરિયાદીના કાયદેસર લ્હેણાં બાબતે પ્રોબેબલ બચાવ લીધેલ હોય ત્યારે અત્રે એ ઉલ્લેખ કરવું જરૂરી જણાઈ આવે છે કે, **આરોપીએ પોતાનો બચાવ પુરવાર કરવા માટે સાક્ષીના પાંજરામાં આવવાની જરૂરીયાત રહેતી નથી** અને

ફરિયાદી પોતાના સમગ્ર કેસ દરમ્યાન તા.૧૮/૦૪/૨૦૦૩ ના રોજ રૂા.૭,૦૦,૦૦૦/– રોકડા આરોપીને આપેલ છે કેમ? તે જ પુરવાર થતું ન હોય અને પુરતી તકો આપેલ છે તેમ છતાં કિશોર કોર્પોરેશન / જે.ડી.ફર્મના હિસાબી ચોપડાં રજુ કરેલ નથી કે પૈસા આપ્યા બાબતનું કોઈ લખાણ રજુ કરેલ નથી અને જયારે મૂળ ફરિયાદી કિશોરભાઈ ઠકકર ધ્વારા જ કોર્ટમાં જાતે હાજર રહી સોગંદ પર પુરાવો રજુ થતો ન હોઈ ફરિયાદી પોતાનું કાયદેસરનું લેણું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૧૮) વધુમાં આ તબકકે નામ. સુપ્રિમ કોર્ટનો ***બસલીંગપ્પા વિ.મુદીબસપ્પા., લેઝ (એસ.સી) ૨૦૧૯–૪–૩૯ સુપ્રિમ કોર્ટ, તા.૦૯/૦૪/૨૦૧૯*** નો માનસહ વંચાણે લેવામાં આવેલ છે. જેમાં નામ. સુપ્રિમ કોર્ટ ધ્વારા અલગ–અલગ પાંચ સર્વોચ્ચ અદાલતના ચુકાદા પર આધાર રાખેલ છે.

1. *KALI RAM V/s. STATE OF HIMACHAL PRADESH, 1973 2 SCC 808*
2. *KISHAN RAO V/s. SHANKARGODA, 2018 8 SCC 165*
3. *KUMAR EXPORTS V/s.SHARMA CARPETS, 2009 2 SCC 513*
4. *M.S. NARAYANA MENON ALIAS MANI V/s. STATE OF KERALA AND ANOTHER, 2006 6 SCC 39*
5. *RANGAPPA V/s. SRI MOHAN, 2010 11 SCC 441*

ઉપરોકત ચુકાદાઓ પૈકી ***RANGAPPA V/s. SHREE MOHAN*** ફુલ બેંચનો ચુકાદો છે, જે ચુકાદામાં પેરા–૨૩ માં સ્પષ્ટપણે જણાવેલ છે કે,

> *23. We having noticed the ratio laid down by this Court in above cases on Sections 118(a) and 139,we now summarise the principles enumerated by this Court in following manner:-*
>
> *(i) Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a presumption that the cheque was for the*

discharge of any debt or other liability.

(ii) The presumption under Section 139 is a rebuttable presumption and the onus is on the accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.

(iii) ***To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence.*** *Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.*

(iv) That it is not necessary for the accused to come in the witness box in support of his defence, Section 139 imposed an evidentiary burden and not a persuasive burden.(v) It is not necessary for the accused to come in the witness box to support his defence.

(૧૯) વધુમાં ઉપરોકત ચુકાદો ***બસલીંગપ્પા વિ.મુદીબસપ્પા.(સુપ્રા)*** ધ્યાને લેતાં જેમાં નામ. કોર્ટે ઠરાવેલ છે કે, ફરિયાદીએ પોતાની આવકનો ''સોર્સ ઓફ ઈન્કમ'' પ્રાથમિક સાબિત કરવો જોઈએ. સદર ચુકાદાની હકીકત ધ્યાને લેતાં ફરિયાદી કે જે કન્ડકટર તરીકે રીટાયર્ડ થતા રૂા.૮,૦૦,૦૦૦/– પી.એફ.ગ્રેજયુટી વગેરેના મળેલા તે સિવાય તે અન્ય કોઈ આવક ધરાવતો ન હતો તેમ છતાં તેણે ફરિયાદ સમય દરમ્યાન આરોપી તથા અન્યને રકમો આપી તથા ખરીદી કરી રૂા.૧૮,૫૦,૦૦૦/– જેટલી રકમનો ખર્ચ કરેલો જેથી નામદાર સુપ્રિમ કોર્ટે વિગતે ઠરાવ્યું કે, કહેવાતા અન્યની આપેલી રકમ તથા ખર્ચ પ્રમાણેની રકમ ધરાવતો જ ન હતો તેથી આરોપીને ફરિયાદ પ્રમાણેની રોકડ રકમ રૂા.૬,૦૦,૦૦૦/– આપવા સક્ષમ ન હતો. તેથી આરોપીને નિર્દોષ છોડી મુકવામાં આવેલ હતા. હવે, સદર ચુકાદો હાલના કેસમાં સંપૂર્ણપણે લાગુ પડે છે. કારણકે, ફરિયાદીએ આરોપીને આપેલી કહેવાતી રોકડ રકમ રૂા.૭,૦૦,૦૦૦/– પોતાની પાસે વ્યકિતગત કે પેઢી પાસે જે–તે વખતે હતી તે દર્શાવતો પ્રાથમિક

પુરાવો રજુ કરવામાં તદ્દન નિષ્ફળ ગયેલ છે.

(૨૦) હવે, ઉપરોકત કલમ–૧૩૮ નો ગુન્હો પુરવાર કરવા માટે જરૂરી અન્ય તત્વો જેવા કે,– ચેક સમય મર્યાદામાં વટાવવા માટે જમા કરાવેલ છે કે નહીં, ચેક રીટર્ન થયા બાદ ફરિયાદીએ આરોપીને કાયદાકીય નોટીસ નિયત સમય મર્યાદામાં આપેલ છે કે નહીં અને આરોપીએ કાયદાકીય સમય મર્યાદામાં નાણા નહી ભરતાં હાલની ફરિયાદ સમય મર્યાદામાં દાખલ કરેલ છે કે નહીં તે સંદર્ભે ફરિયાદપક્ષનો પુરાવો ધ્યાને લેવો જરૂરી છે. અત્રે એ નોંધવુ જરૂરી છે કે આ બાબતે ફરિયાદીનો કેસ મહદંશે પડકારવામાં આવેલ નથી અને કેસમાં રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો આ સંદર્ભે ફરિયાદીનો કેસ નિર્વિવાદિત છે.

(૨૧) આ કેસમાં વિવાદિત ચેકની તા.૨૪/૦૭/૨૦૦૩ ના રોજની છે. ફરિયાદીનુ એવું કહેવું છે કે સદર ચેક રૂા.૧,૬૭,૭૫૫/– નો ચેક નં.૦૩૦૯૭૬, ધી સોશીયલ કો.ઓ.બેંક લિ., ખમાસા બ્રાન્ચ, અમદાવાદ ખાતે જમા કરાવતાં ''એકસીડ એરેન્જમેન્ટ એન્ડ એન.પી.એ. એકાઉન્ટ'' ના શેરા સાથે વગર સ્વીકારે પરત આવેલ અને જેની જાણ ફરિયાદીને તા.૦૮/૦૮/૨૦૨૩ ના રોજ થયેલી. ફરિયાદીએ આ જ હકીકત તેમના સોગંદનામાના પુરાવામાં અને ફરિયાદમાં જણાવેલ તેમજ વાદગ્રસ્ત ચેક આંક–૧૦ અને અસલ રીટર્ન મેમો આંક–૧૨ થી રજુ કરેલ છે અને જે હકીકતમાં બચાવપક્ષ ધ્વારા કોઈપણ જાતનું ખંડન કરવામાં આવેલ નથી આમ, આ સંદર્ભે સમગ્ર પુરાવો જોવામાં આવે તો ચેક તા.૨૪/૦૭/૨૦૦૩ ના રોજનો છે અને જે તા.૦૬/૦૮/૨૦૦૩ ના રોજ રીર્ટન થયેલ છે જે રીટર્ન મેમો આ કામે આંક–૧૨ થી રજુ છે. જેથી, અધિનિયમની કલમ–૧૪૬ વંચાણે લેવામાં આવે તો સદર દસ્તાવેજ પુરાવામાં સીધો જ ગ્રાહય રાખવા બને છે અને સદર દસ્તાવેજની યથાર્થતા પણ આરોપી ધ્વારા પડકારવામાં આવેલ નથી. પરિણામે, આંક–૧૨ વાળો રીર્ટન મેમો નહિ માનવાને કોઈ કારણ જણાઈ આવતું નથી. ફરિયાદીએ એવું પણ જણાવેલ છે કે, ચેક રીર્ટનની જાણ થતાં તેઓએ તા.૦૧/૦૯/૨૦૦૩ ના રોજ આરોપીના સરનામે કાયદેસરની નોટીસ રજી. પો.એડી. મારફત મોકલી આપેલી અને જે આ કામે આંક–૧૩ થી

રજુ થયેલ છે અને નોટીસ મોકલ્યા બાબતની પાવતીઓ પણ આંક-૧૪ થી કોર્ટના રેકર્ડમાં રજૂ કરેલ છે. ફરિયાદીએ તેઓના કેસ મુજબની હકીકતો જ તેમના પુરાવાના સોગંદનામામાં જણાવેલ છે અને તેના સમર્થનમાં દસ્તાવેજી પુરાવો જેવા કે નોટીસ બજયા અંગેની પોસ્ટ ખાતાની એકનોલેજમેન્ટ આ કામે અનુક્ર મે આંક-૧૬ તથા આંક-૧૭ થી રજુ કરેલ છે અને આ દસ્તાવેજોને આરોપી ધ્વારા ઉલટતપાસમાં પડકારવામાં આવેલ નથી. જેથી, આ તમામ દસ્તાવેજો નહિ માનવાને કોઈ કારણ જણાઈ આવતું નથી અને આ તમામ દસ્તાવેજો વંચાણે લેવામાં આવે તો ફરિયાદીના કેસને સંપૂર્ણપણે સમર્થન પ્રાપ્ત થાય છે.

(૨૨) વધુમાં, આ કામે નોટીસ મળી ગયા બાદ આરોપીએ નાણાં ચૂકવી આપેલ છે તેવો ફરિયાદીનો કેસ નથી અને આરોપી પણ નાણાં ચૂકવી આપેલ હોય તેવું કોઈ કથન રેકર્ડ પર લાવેલ નથી. આમ, ઉપરોકત તારણો ધ્યાને લેતાં ફરિયાદીએ વિવાદીત ચેક તેમના નિયત ખાતામાં સમય મર્યાદામાં જમાં કરાવેલ હતો અને તે અંગે ફરિયાદીએ નોટીસ પણ ચેક રીર્ટન થયાના દિન-૩૦ માં આપેલ છે અને જે આરોપીને તા.૦૨/૦૯/૨૦૦૩ ના રોજ બજી ગયેલ છે. આ નોટીસ બજી ગયાના દિન-૧૫ સુધી આરોપીએ નાણાં નહી ચૂકવતાં, ફરિયાદી હાલની ફરિયાદ તા.૦૮/૧૦/૨૦૦૩ ના રોજ દાખલ કરેલ છે જે પણ નિયત સમયમર્યાદામાં દાખલ થયેલ છે. આમ, ફરિયાદીએ તમામ કાર્યવાહી સમય-મર્યાદામાં કરેલ છે તે પુરવાર થાય છે પરંતુ ઉપરોકત કરેલ ચર્ચાઓ મુજબ ફરિયાદીએ ખરેખર આરોપીને રૂા.૭,૦૦,૦૦૦/- અંકે રૂપિયા સાત લાખ પુરા/- આપેલ હતા કે કેમ? તે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય તથા ફરિયાદી પોતાનું કાયદેસરનું લેણું પુરવાર કરતાં ન હોઈ, ઉપરોકત તમામ ચર્ચાને અંતે અદાલત એવા તારણ પર આવે છે કે, હાલના કેસમાં આરોપી વિરૂધ્ધ અધિનિયમની કલમ-૧૩૮ ના ગુના માટે જરૂરી આવશ્યક તત્વો પુરવાર થતા નથી અને આરોપી પોતાનો બચાવ પ્રસ્થાપિત કરવા સફળ રહેલ છે. આથી **મુદ્દા નં.૧** નો જવાબ **નકારમાં** આપવામાં આવેલ છે.

મુદા નં.૨ :-

ઉપરોકત ચર્ચા ધ્યાને લેતાં તેમજ મુદા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવેલ હોય, અત્રેની અદાલત આરોપીને વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબના ગુન્હામાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. પરિણામે, નીચે મુજબનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત્ત જણાઈ આવે છે.

-: હુકમ :-

(૧) આ કામના આરોપી : **૧. ઘનશ્યામ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ (ભાગીદારી પેઢી),** ઠે.ફેકટરી કડી-કલોલ હાઈવે રોડ, બુડાસણ તા.કડી, ઓફિસ : બીજા માળે, બી.ડી.ચેમ્બર્સ, ચોખા બજાર, કાલુપુર, અમદાવાદ, **૨. શ્રી મદનમોહન મનુભાઈ પટેલ,** તે ઘનશ્યામ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝના ભાગીદાર, રહે.૧૦, જવાહરકુંજ સોસાયટી, પેરેડાઈઝ પાર્ક સામે, જુના વાડજ, અમદાવાદ તથા **૩. શ્રીમતી કેતુબેન મદનમોહન પટેલ,** તે ઘનશ્યામ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝના ભાગીદાર, રહે. ૧૦, જવાહરકુંજ સોસાયટી, પેરેડાઈઝ પાર્ક સામે, જુના વાડજ, અમદાવાદનાઓને ધી નેગોશીયેબલ ઈન્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબના ગુન્હામાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ-૪૩૭ (એ) મુજબ આરોપીએ એપેલેન્ટ કોર્ટમાં હાજર રહેવા માટેનાં રૂ.૧૦,૦૦૦/- અંકે રૂપિયા દસ હજાર પુરા/- ના જાત મુચરકા તેમજ તેટલી જ રકમના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૮ મી માહે : ઓકટોમ્બર સને : ૨૦૨૩ ના રોજ મારી સહી કરીને ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૧૮/૧૦/૨૦૨૩

(સાગર સતીષભાઈ પરીખ)
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
ને.ઈ.એકટ, કોર્ટ નં.૨૯, અમદાવાદ
જી.જે.૦૧૧૩૫